# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

****************************************************

1) પાકિસ્તાન સામે ભારતીય સૈન્યનાં 'ઑપરેશન સિંદૂર'નું દેશના તમામ રાજકીય પક્ષોએ અને વૈશ્વિક નેતાઓએ સમર્થન કર્યું.

2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું, ભારતીય સૈન્યએ વીરતા અને સાહસનો પરિચય આપી ઈતિહાસ રચ્યો.

3) ગુજરાતના 18 સહિત દેશના 244 જિલ્લામાં નાગરિક સંરક્ષણ અંગે મૉકડ્રિલનું આયોજન.

4) કેન્દ્રીય મંત્રીમંડળે દેશની પાંચ I.I.T.ના શૈક્ષણિક અને પાયાના ઢાંચાની ક્ષમતાના વિસ્તરણને મંજૂરી આપી.

5) છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં 22 જેટલા માઓવાદી ઠાર.

.....................................................................

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# OPERATION SINDOOR SUPPORT

દેશના તમામ રાજકીય પક્ષોએ ભારતીય સેનાના 'ઑપરેશન સિંદૂર' અંગે પ્રતિક્રિયા આપી તેને સમર્થન આપ્યું છે. સોશિયલ મીડિયા સંદેશમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, 'ઑપરેશન સિંદૂર' એ પહલગામમાં દેશના નિર્દોષ નાગરિકોની હત્યાનો જવાબ છે. તેમણે કહ્યું, મોદી સરકાર ભારત અને તેના લોકો પર કોઈ પણ હુમલાનો યોગ્ય જવાબ આપવા પ્રતિબદ્ધ છે. આતંકવાદને જડમૂળમાંથી ઉખાડી નાખવા ભારતનો દ્રઢ સંકલ્પ છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે સશસ્ત્ર સેનાની પ્રશંસા કરી. વિદેશ મંત્રી ડૉક્ટર જયશંકરે કહ્યું, સમગ્ર વિશ્વએ આતંકવાદને સહન ન કરવો જોઈએ.

ભાજપના અધ્યક્ષ જે. પી. નડ્ડાએ કહ્યું, દેશ આતંકવાદને જડમૂળમાંથી ઉખાડી ફેંકવામાં સક્ષમ અને સંકલ્પબદ્ધ છે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે બદલાની આ કાર્યવાહીની પ્રશંસા કરી.

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું, તેમને ભારતીય સેના પર ગર્વ છે. કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ આતંકવાદ સામેની નિર્ણાયક કાર્યવાહી માટે કૉંગ્રેસ એ ભારતીય સેના અને સરકાર સાથે દ્રઢતાથી ઊભી છે.

દ્રવિડ મુનેત્ર કડગમ્ અને તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને કહ્યું, તમિલનાડુ આતંકવાદ સામે ભારતીય સેનાની પડખે છે.

# AIR STRIKE WORLD REACTIONS

ભારતીય સેનાના ઓપરેશન સિંદૂર બાદ વૈશ્વિક સમુદાયે ભારત સાથે એકતા દર્શાવી છે.

ઈઝરાયેલે આતંકવાદ સામે ભારતના આત્મરક્ષા અધિકારનું સમર્થન કર્યું છે. ભારતમાં ઈઝરાયેલના રાજદૂત રૂવેન અઝારે એક્સ પર એક સંદેશમાં કહ્યું, ઈઝરાયેલ ભારતનું સમર્થન કરે છે. આતંકવાદીઓને એ જાણ હોવી જોઈએ કે, નિર્દોષ લોકો સામે જઘન્ય કૃત્ય કરીને તેમને છૂપાવવા કોઈ જગ્યા નહીં મળે.

રશિયાના વિદેશ મંત્રાલયનાં પ્રવક્તા મારિયી જખારોવાએ કહ્યું, રશિયા કોઈ પણ આતંકવાદી કૃત્યોની આકરી ટીકા કરે છે. તેમણે કહ્યું, આતંકવાદની બદીને પહોંચવા માટે વૈશ્વિક સહકાર આવશ્યક છે.

જાપાનના વિદેશ મંત્રી ઈવાયા તાકેશીએ આતંકવાદ સામે પોતાના દેશના કડક વલણની પુષ્ટિ કરતા બંને દેશને ધીરજ રાખવા અપીલ કરી.

જર્મનીના વિદેશ કાર્યાલય દ્વારા એક્સ પર જાહેર કરાયેલા નિવેદનમાં શાંતિ જાળવી રાખવી આહ્વાન કરાયું છે. નિવેદનમાં કહેવાયું કે, જર્મની ભારત અને પાકિસ્તાન બંનેના સંપર્કમાં છે અને આ સ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

તો કતરના પ્રધાનમંત્રી શેખ મોહમ્મદ બિન અબ્દુલ-રહમાન બિન જસીમ અલસાનીએ વિદેશ મંત્રી ડૉક્ટર સુબ્રમણ્યમ જયશંકર સાથે વાત કરી અને વાતચીત તેમજ શાંતિપૂર્ણ રીતે સમસ્યાનું સમાધાન શોધવામાં મદદ કરવાની ભલામણ કરી. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે પણ આ તણાવ ઝડપથી પૂર્ણ થશે તેવી આશા વ્યક્ત કરી.

# REV OPERATION SINDOOR

ભારતીય સૈન્ય દ્વારા ગઈકાલે રાત્રે 25 મિનિટ સુધી ઑપરેશન સિંદૂર હાથ ધરાયું. આ વળતી કાર્યવાહીમાં પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ-કાશ્મીર- POJK-માં નવ આતંકવાદી ઠેકાણા નષ્ટ કર્યા છે. નવી દિલ્હીમાં ભારતીય સેના, ભારતીય વાયુસેના અને વિદેશ મંત્રાલયની સંયુક્ત પત્રકાર પરિસદમાં ભારતીય સેનાનાં કર્નલ સોફિયા કુરૈશી અને વાયુસેનાનાં વિન્ગ કમાન્ડર વ્યોમિકા સિંઘે જણાવ્યું, પહલગામ આતંકી હુમલાના પીડિતોને ન્યાય અપાવવા ‘ઑપરેશન સિંદૂર’ શરૂ કરાયું હતું. અંગે કર્નલ સોફિયા કુરૈશીએ વધુ માહિતી આપી.

(BYTE- COL. SOFIA QURESHI)

કર્નલ સોફિયા કુરૈશીએ કહ્યું, ઑપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનની સેનાના કોઈ કૅમ્પ તેમજ કોઈ નિર્દોષ નાગરિક પર હુમલો કરાયો નથી. કર્નલ સોફિયા કુરૈશી અને વિન્ગ કમાન્ડર વ્યોમિકા સિંઘે કહ્યું, ભારતીય સશસ્ત્ર દળ ભવિષ્યમાં પણ પાકિસ્તાને જડબાતોડ જવાબ આપવા સંપૂર્ણ રીતે તૈયાર છે. દરમિયાન વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું, આ હુમલાનો ઉદ્દેશ જમ્મુ-કાશ્મીરમાં પર્યટનને નુકસાન પહોંચાડવું અને જમ્મુ-કાશ્મીર તથા દેશના કેટલાક ભાગમાં સાંપ્રદાયિક તણાવ સર્જવાનો હતો.

# RAJNATH OPERATION SINDOOR

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું, ભારતીય સશસ્ત્ર દળોએ 'ઑપરેશન સિંદૂર' હેઠળ પોતાની વીરતા અને સાહસનો પરિચય આપીને ઇતિહાસ રચ્યો છે. તેમણે કહ્યું, સશસ્ત્ર દળોએ ઑપરેશન દરમિયાન ચોકસાઈ, સતર્કતા અને સંવેદનશીલ થઈને કામ કર્યું. તેમજ આયોજનપૂર્વક વ્યૂહરચના મુજબ, નિર્ધારિત લક્ષ્યનો નાશ કર્યો.

(BYTE- RAJNATH SINGH BYTE ON OP SINDOOR)

નવી દિલ્હીમાં શ્રી સિંઘે છ રાજ્ય અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં સરહદ માર્ગ સંગઠનની 50 માળખાગત ઢાંચાની પરિયોજનાઓના ઉદ્ઘાટન પ્રસંગે આ વાત કહી હતી. તેમણે કહ્યું, સશસ્ત્ર દળોએ ઑપરેશન દરમિયાન કોઈ પણ નાગરિકને અસર ન થાય તેની ખાતરી કરીને સંવેદનશીલતા દર્શાવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# PREZ PM MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બપોરે રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે મુલાકાત કરી. આ મુલાકાત ભારત દ્વારા પાકિસ્તાન અને પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ-કાશ્મીર POJK-માં આતંકી ઠેકાણા પર ઑપરેશન સિંદૂર પાર પાડ્યાના થોડા કલાકો બાદ યોજાઈ.

એક સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિ મુર્મૂએ કહ્યું, બેઠક દરમિયાન પ્રધાનમંત્રીએ તેમને ઑપરેશન સિંદૂર અંગે માહિતી આપી.

# MOCK DRILL

દેશભરના 244 જિલ્લામાં આજે નાગરિક સંરક્ષણ અભ્યાસનું આયોજન કરાયું. દિલ્હીના 11 જિલ્લામાં આ અભ્યાસમાં સાયરનની સાથે મોકડ્રિલ યોજાઈ, જેમાં હજારો સ્વયંસેવકો, અધિકારીઓ, બચાવ દળ, દિલ્હી પોલીસ, DDA, દિલ્હી અગ્નિશમન દળ અને જળ બૉર્ડ સહિત અનેક સંસ્થાઓએ ભાગ લીધો.

કેરળમાં વિવિધ સ્થળ પર આજે સાંજે લોકોને કટોકટીની સ્થિતિને પહોંચી વળવાની જાગૃતિ માટે મૉકડ્રિલ યોજાઈ. પોલીસ, અગ્નિશમન દળ અને નાગરિક સંરક્ષણ કાર્યકર્તાઓ તેમજ અન્ય લોકોએ રાજ્યના 26 સ્થળ પર યોજાયેલી મૉકડ્રિલમાં ભાગ લીધો.

દરમિયાન ગુજરાત 18 જિલ્લાઓમાં આજે સાંજે ચાર વાગ્યાથી 8 વાગ્યા દરમિયાન નાગરિક સંરક્ષણ મોક ડ્રિલનું આયોજન કરાયું. જ્યારે આ જિલ્લાઓમાં સાડા સાત વાગ્યાથી આઠ વાગ્યા સુધી બ્લેકઆઉટ એટલે કે અંધારપટ છવાશે. અમદાવાદમાં રાત્રે સાડા આઠ વાગ્યાથી નવ વાગ્યા સુધી અંધારપટ રહેશે.

# CABINET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ઔદ્યોગિક તાલીમ સંસ્થા- I.T.I. માટે રાષ્ટ્રીય યોજનાને વધુ સુદ્રઢ અને કૌશલ્ય વિકાસ માટે પાંચ રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા કેન્દ્રની સ્થાપનાને મંજૂરી આપી છે. આ યોજના 1 હજાર સરકારી ITIને કેન્દ્ર તરીકે વધુ સુદ્રઢ એટલે કે, અપગ્રેડ કરવા અને 5 રાષ્ટ્રીય કૌશલ્ય તાલીમ સંસ્થાની ક્ષમતા વધારવા પર ધ્યાન કેન્દ્રીત કરશે.

આ સંસ્થાઓને કેન્દ્રીય પ્રાયોજિત યોજના તરીકે 60 હજાર કરોડ રૂપિયાના ખર્ચે અમલમાં મૂકાશે. તેનો ઉદ્દેશ રાજ્ય સરકારો અને ઉદ્યોગના સહકારથી વર્તમાન ITI-ને સરકારની માલિકીની, ઉદ્યોગ-સંચાલિત કૌશલ્ય સંસ્થાઓ તરીકે સ્થાપિત કરવાનો છે.

ઉપરાંત મંત્રીમંડળે આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, કર્ણાટક, જમ્મુ-કાશ્મીર અને કેરળમાં સ્થાપિત પાંચ ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થા- I.I.T.ના શૈક્ષણિક અને પાયાના ઢાંચાની ક્ષમતાના વિસ્તરણને પણ મંજૂરી આપી. તેનો ઉદ્દેશ આ મુખ્ય સંસ્થાઓમાં છ હજાર 500થી વધુ વિદ્યાર્થીઓને સંસ્થાઓમાં અભ્યાસ માટેની સુવિધાઓ પૂરી પાડવાનો છે. ઉપરાંત આર્થિક મામલાની મંત્રીમંડળ સમિતિ- CCEA-એ વીજળી ક્ષેત્રને કોલસા ફાળવણી માટે નીતિ ભારતમાં પારદર્શક રીતે કોલસા લણણી અને ફાળવણીની યોજના શક્તિમાં સંશોધનને મંજૂરી આપી છે.

# CHHATTISGARH KILLED

છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ઓછામાં ઓછા 22 માઓવાદી ઠાર મરાયા છે. રાજ્યના બિજાપુર જિલ્લામાં કરગુટા પહાળો પર આજે સવારે આ અથડામણ શરૂ થઈ હતી. આ કાર્યવાહીમાં કેન્દ્રીય અનામત પોલીસ દળ- CRPF, જિલ્લા અનામત દળ, વિશેષ કાર્યદળ અને પોલીસ સહિત વિવિધ સુરક્ષાદળ સામેલ હતા. પોલીસ અને CRPFના વરિષ્ઠ અધિકારી સવારથી જ અભિયાનનું સતત નિરીક્ષણ કરી રહ્યા છે.

અત્યાર સુધી ઘટનાસ્થળથી 22 માઓવાદીના મૃતદેહ કબજે કરાયા છે. આ વિસ્તારમાં નક્સલ વિરોધી અભિયાન હજી પણ ચાલી રહ્યું છે.

# ROHIT SHARMA RETIRE

ભારતીય ક્રિકેટર રોહિત શર્માએ ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લીધો છે. માહિતી મુજબ, તેઓ વન-ડે ક્રિકેટમાં રમવાનું ચાલુ રાખશે. ઉલ્લેખનીય છે કે, રોહિત શર્માએ 67 ટેસ્ટમાં 12 સદી સાથે ચાર હજાર 301 રન બનાવ્યા છે

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- IPL ટી-20 ક્રિકેટમાં આજે કોલકાતા નાઈટ રાઈડર્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. પશ્ચિમ બંગાળમાં કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાતી મેચમાં કોલકાતાની ટીમે ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી છે. કોલકાતાની ટીમ અજિન્ક્યા રહાણે અને ચેન્નઈની ટીમ મહેન્દ્ર સિંઘ ધોનીના સુકાની હેઠળ રમી રહી છે.

છેલ્લા અહેવાલ મુજબ, કોલકાતા નાઈટ રાઈડર્સે 5 ઑવરમાં 1 વિકેટ ગુમાવી 50 રન બનાવ્યા છે.